# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૭ દેવનો ઈબ્રાહિમ સાથેનો કરાર (ઉત્પત્તિ અધ્યાય ૧૧-૧૨)

આજનો આ પાઠ દેવે કોઈ મનુષ્યને આપેલા મહાન વચન વિશે જણાવે છે. ઈશ્વરનો મહિમા ઈબ્રાહિમ જયારે મેસોપોટેમીયામાં હતો ત્યારે પ્રદર્શિત થયો અને જણાવ્યું કે, ઈબ્રાહિમ ની પેઢીઓ સમગ્ર વિશ્વમાં આશીર્વાદિત થશે. જોકે ઈબ્રાહિમ સંપુર્ણપણે સમજી શકયો નહિ કે દેવ તો આવનાર મસીહાની વાત કરતા હતા. આ નામનો અર્થ છે 'અભિષિકત' વ્યકિત એટલે કે 'ખ્રિસ્ત'. તારણહાર મસીહાનાં આવવા વિશે જૂના કરારનાં ઘણા પ્રબોધકો દ્વારા આગાહી આપવામાં આવી હતી. જેમકે, યશાયા પ્રભુ ઈસુનાં જન્મ પહેલા હજારો વર્ષ પહેલાં આ આગાહી આપે છે. પરંતુ ઈબ્રાહિમ માટે દેવનાં વચન ઉપર વિશ્વાસ કરવો તે કઠણ હતું. અબ્રામ અને તેમની પત્ની બાળક પેદા ન કરી શકે તેટલા વૃધ્ધ હતાં. એક દિવસ દેવે અબ્રામને કહયું કે, ''તું તારો દેશ તથા તારાં સગાં, તથા તારા બાપનું ઘર મૂકીને, જે દેશ હુ તને દેખાડું તેમાં જા, અને હું તારાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ, અને તને આશીર્વાદ દઈશ ને તારુ નામ મોટુ કરીશ અને તું આશીર્વાદરૂપ થશે. જેઓ તને આશીર્વાદ દે તેઓને હું આશીર્વાદ દઈશ અને જેઓ તને શાપ દે તેઓને હું શાપ દઈશ. અને તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે.''(ઉપ્તત્તિ ૧૨:૧-૩).

અબ્રામ પોતાનાં બાપ તેરાહ સાથે રહેતો હતો. તેઓ ખાલદી લોકોનાં ઉર નામનાં શહેર માં રહેતા હતા. જેને આજે ઈરાક દેશ તરીકે ઓળખવામાં આવે છે. એબ્રામને બે ભાઈઓ હતા. એક ભાઈને લોત નામનો દિકરો હતો. ભાઈઓ મરણ પામ્યા.એબ્રામ પણ સારાહ નામની સ્ત્રી સાથે પરણ્યો પણ તેમને બાળકો થતા ન હતા. પોતાનાં દેશમાં રહેતાં એબ્રામે પોતાનાં પિતા તેરાહ અને ભત્રીજા લોતને ઉર શહેરમાં જવા કે જે કનાન દેશમાં છે તેમાં જવા મનાવી લીધા. જે ઈશ્વર તરફથી આપેલી આજ્ઞા હતી. ઉત્તર તરફ મોટી યુફ્રેતીસ નદીને ઓળંગીને હારાનમાં આવીને ત્યાં તેઓઅ વાસો કર્યો. હારાન પણ બીજી જગ્યાઓ જેવું જ હતું. ત્યાંના લોકો જીવતા ઈશ્વરને બદલે મૂર્તિ પૂજા કરતા અને ચંદ્ર, તેમનો દેવ હતો. આ જગ્યા બાબેલનો બુરજ જયાં બાંધવામાં આવ્યો હતો ત્યાંથી ૪૦૦ માઈલ ઉત્તર તરફ હતો. પરંતુ ઈશ્વરે એબ્રામને દર્શાવેલ સ્થળ તે ન હતું. તેરાહ એટલે એબ્રામના પિતા ૨૦૫ વર્ષનો થઈને મર્યો ત્યાં સુધી તેઓ ત્યાં રહયા. ત્યારે અબ્રામની ઉંમર ૭૫ વર્ષની હતી. તેરાહ મર્યો ત્યારે એબ્રામે દેવની આજ્ઞા યાદ કરી અને પોતાની સફર કનાન દેશમાં જતાં સુધી ચાલુ રાખી. ચોકકસપણે તે જાણતો ન હતો કે, દેવ તેને કયાં દોરી જાય છે પરંતુ તેને ખાત્રી હતી કે ઈશ્વર તેમનો માર્ગ તેમને દર્શાવે છે.

એબ્રામનાં આશીર્વાદનાં ઘણા ભાગો છે. વ્યકિતગત રીતે તેનાં માટે જોઈએ તો તે પિતા બનશે તેવું વચન આપવામાં આવ્યું હતુ. બીજુ તેની પઢીઓ એ – ઈશ્વરની પસંદની પ્રજા એટલે કે, મહાન ઈસ્રાએલ રાષ્ટ્ર બનશે. દેવનાં આશીર્વાદને કારણે એબ્રામનું નામ મહાન બનશે. દેવ તેનાં માટે લડશે અને અંતમાં મસિહા કે જે જગત માટે આશીર્વાદરૂપ થશે તેની ઉત્પત્તિ થશે જેથી મનુષ્ય જાત દેવ સાથેનાં કૌટુંબિક સંબંધમાં આવે.

આથી એબ્રામ પોતાની પત્ની સારા તથા ભત્રીજા લોટને લઈને હારાન દેશથી નીકળીને કનાન દેશમાં આવ્યો, જે ભૂમધ્ય સમુદ્રની પૂર્વમાં છે. આ મુસાફરી પણ ૪૦૦ માઈલની હતી. આ દર્શાવેલ જગ્યા હાલમાં ઈસ્રાએલનો દેશ તથા યર્દન, લેબેનોન તથા સિરીયાનો કેટલોક ભાગ છે. દેવે અબ્રામને દર્શન દીધુ અને કહયું, "હું તારા વંશજોને આ દેશ આપીશ અને જે યહોવાએ તેને દર્શન આપ્યું હતુ તેને સારૂ તેણે ત્યાંવેદી બાંધી. જોકે તણે દેવે આપેલા વચન પરીપૂર્ણ થયા પહેલાં દેવ પર સંપૂર્ણ વિશ્વાસ મુકયો હતો તેથી બાઈબલમાં તેને માટે લખેલુ છે કે, "તેણે યહોવા પર વિશ્વાસ કર્યો અને તે તેણે ન્યાયીપણાને અર્થે તેના લાભમાં ગણ્યો." (ઉત્પત્તિ ૧૫:૬).

થોડા સમય બાદ તે દેશમાં ભયંકર દુકાળ પડયો. આથી અબ્રામ પોતાન઼ સર્વસ્વ એટલે નોકરો, ચાકરો તથા પશુધન લઈને મિસર દેશમાં રહેવા ગયો. એ દિવસોમાં એબ્રામને 'વિદેશનાં રાજકુમાર' તરીકે ઓળખવામાં આવતો. મિસરમાં દાખલ થવા માટે તે દેશનાં અધિકારી જેને 'ફારૂન' કહેવામાં આવે છે તેની સાથે તેણે સુલેહ શાંતિનો કરાર કરવાનો હતો. શાંતિનાં કરારની ખાત્રી આપવા વિદેશી લોકો પરંપરાગત રીતે પોતાની દિકરી અથવા બહેનના ફારૂનની સાથે લગ્ન કરાવતા. એબ્રામે ડરનાં માર્યા અને ઈશ્વર પર વિશ્વાસ ન રાખતા પોતાની સ્ત્રી સારાને કહયું કે, "તું સુંદર સ્ત્રી છે તે મિસરીઓ જોશે અને તને પામવા સારુ તેઓ મને મારી નાખશે. આથી હું તેની બહેન છું તેમ કહેજે." અબ્રામ સાચો હતો કેમકે, મિસરીઓએ જોયું કે, સારા એક સુંદર સ્ત્રી છ. જો કે તેની ઉંમર ૬૫ વર્ષની હતી. જયારે ફારૂન રાજાએ તેનાં વિશે સાંભળ્યું કે તે કુંવારી છે ત્યારે તેણે તેની સાથે લગ્ન કરવા પોતાનાં ઘરમાં તેડાવી. એબ્રામ તેણીનો ભાઈ છે એવુ સમજીને તેણે એબ્રામન઼ ભલુ કર્યુ.

પરંતુ ફારૂને સારાને પોતાનાં ઘરમાં તેડાવી તેથી દેવનો કોપ ફારૂન રાજા પર આવ્યો. સારા તો મહાન રાષ્ટ્રની માતા બનવાની હતી. તેથી તે વિદેશી રાજાને પરણે તે શકય ન હતું. ફારૂનનાં ઘરનાઓ મરણતોલ માંદા પડયા. કદાચ સ્વપ્ન દવારા કે અન્ય કોઈ રીતે ફારૂને જાણ્યું કે, આ મુશ્કેલી સારાને કારણે આવી છે. તેથી તેણે એબ્રામને પોતાનાં મહેલમાં વાર્તાલાપ માટે તેડાવ્યો અને કહયું, "આવું તે શા માટે મારી સાથે કર્યુ. તે મારી બહેન છે તેમ તે કહયું અને તે તારી પત્ની છે એમ હું જાણતો ન હતો. હવે હું તે જાણુ છું માટે તારી સ્ત્રી લઈને ચાલ્યો જા.

આથી એબ્રામ પોતાની સ્ત્રી સારા અને ભત્રીજા લોતને લઈને કનાન દેશમાં પાછો ગયો . મિસરમાં અબ્રામ ખુબ ધનિક બન્યો હતો. તેની પાસે ધન ઉપરાંત ઘણા ઘેટાંઓ, બળદો, ઉંટો અન્ય પશુઓ તથા નોકર ચાકરો હતા. કનાન દેશમાં પાછા ફર્યા બાદ તેઓ "બેથેલ" નામનાં

સ્થળે આવી વસ્યા, જેનો અર્થ "દેવનું ઘર" થાય છે. ત્યાં એબ્રામે જૂની વેદી ઉપર બલીદાન કરીને ઈશ્વરની આરાધના કરી.

આ કથાનકનું મહત્વ એ છે કે, દેવની યોજના શરૂઆતથી જ લોકોની સાથે પોતાનાં સબંધો સ્થાપવા માટે છે. એક કુટુંબને જેવ, છે તેવુ પસંદ કરીને પોતાની ઈચ્છા પ્રમાણે તેમણે તેને ઘડયું. તેજ પ્રમાણે ઈશ્વર આપણે જેવા છીએ તેવા જ પસંદ કરીને તેમની ઈચ્છા પ્રમાણે ઘાટ આપે છે, જો આપણે તેમની પાસે આવીએ અને તેમનાં વચન પર વિશ્વાસ કરીએ તો. એબ્રામ અને સારાએ દેવનાં વચન પર વિશ્વાસ કર્યો. ડરનાં કારણે તેઓએ ભૂલ કરી, પરંતુ દેવને આધિન થવા સતત પ્રયત્ન કર્યો. તેજ પ્રમાણે મુશ્કેલી અને સંકટોમાં ઈશ્વર આપણે તેમને વિશ્વાસુ રહીએ તેવું ચાહે છે.

ઉપરોક્ત ઉદાહરણ દર્શાવે છે કે, અબ્રામની આધિનતાને કારણે દેવે તેને આશીર્વાદ આપ્યો.

"વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો તે બનતુ નથી. પણ જે કોઈ તેની પાસે આવે છે અને ખંતથી શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ."
(હિબ્રૂઓને પત્ર ૧૧:૬).

આ પાઠનાં પુનરાવર્તન રૂપે નીચેનાં પ્રશ્નોનાં જવાબો આપો :

પ્ર.૧ શા માટે અબ્રામે ફારૂનને સારા માટે એમ કહયું કે, તે તેની બહેન છે અને પત્ની નહિ.

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમે કહો છો કે, –સારાને પ્રાપ્ત કરવા માટે ફારૂન રાજા તેને મારી નાખશે તેવો તેને ડર હતો તેથી – તો તમે સાચા છો.

પ્ર.૨ એબ્રામને દેવે કઈ આજ્ઞા આપી હતી ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમે કહો છો કે, – તારૂ કુટુંબ તથા તારો દેશ છોડીને જે જગ્યા હું તને દેખાડુ ત્યાં જા. તારાથી હું એક મોટુ રાષ્ટ્ર ઉત્પન્ન કરીશ અને તારુ નામ જગતમાં મહાન થશે – તો તમે સાચા છો.

પ્ર.૩ ઈશ્વરની દ્રષ્ટિમાં અબ્રામનું ન્યાયીપણું કયુ હતું ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમે કહો છો કે, – ઈશ્વર પ્રત્યેનાં વિશ્વાસને કારણે અબ્રામ ન્યાયી હતો – તો તમે સાચા છો.

આ વાર્તા તમારા મિત્રને કહી સંભળાવો અને તેનો પ્રતિભાવ મેળવતા પ્રશ્ન પુછો કે, ઈશ્વર આજનાં લોકો પાસે શું ચાહે છે તે વિશે તમારું શું મંતવ્ય છે ? અબ્રામનાં જીવનને જોતાં ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે સંજોગોમાં દેવનાં વચનો પર વિશ્વાસ કરવો અને દરેકનાં

જીવનોમાં તેમની દોરવણીને આધીન થવું.

ઉત્પત્તિ ૧૫:૬ મુખપાઠ કરો જયાં લખેલુ છે, ''તેણે (અબ્રામે) દેવ પર વિશ્વાસ કર્યો અને તે તેણે ન્યાયીપણાને અર્થે તેનાં લાભમાં ગણ્યું.''